# ઈન્ટર ડિસ્ટ્રીક્ટની અન્ડર-૨૩માં ગાંધીનગર જિલ્લાની ખેડા સામે જીત

**ગાંધીનગરના નિશિત પટેલની સેન્ચ્યુરી અને ૨ વિકેટ સાથે ઓલરાઉન્ડ પ્રદર્શન પિયુષ ભનપના ૭૪, રિતિક સિંઘે ૪૮ રન ફટકારવા સાથે ૨ વિકેટ ઝડપી**



ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત ક્રિકેટ એસોસિયેશન દ્વારા આયોજીત રિલાયન્સ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ મલ્ટિ-ડે ૨૦૨૩ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશનની અન્ડર-૨૩ની ટીમે ખેડા જિલ્લાની ટીમ સાથે રમાયેલી મેચ ડ્રો રહી હતી પરંતુ ટુર્નામેન્ટના નિયમ અનુસાર પહેલી ઈનિંગના પરફોર્મન્સને આધારે ગાંધીનગરને વિજેતા જાહેર કરાઈ હતી. નડિયાદના જી.એસ.પટેલ સ્ટેડિયમ પર રમાયેલી મેચમાં જીડીસીએની અન્ડર-૨૩ની ટીમ વતી રમતા નિશિત પટેલે સેન્ચ્યુરી ફટકારી હતી જ્યારે પિયુષ ભનપે ૭૪, રિતિક સિંઘે ૪૮ રન ફટકાર્યા હતા. બોલિંગમાં ગાંધીનગર વતી રમતા રોહન મિસ્ત્રીએ ૩ વિકેટ ઝડપી હતી જ્યારે બેટિંગમાં ઝળકનાર નિશિત પટેલ અને રિતિક સિંઘે પણ ૨- ૨ વિકેટ ઝડપી ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યુ હતું.

રિલાયન્સ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ મલ્ટિ-ડે ૨૦૨૩ ટૂર્નામેન્ટમાં અન્ડર-૨૦૨૩માં ગાંધીનગર જિલ્લાની ટીમે ટોસ જીતીને બેટીંગ પસંદ કરી પહેલા દાવમાં નિશિત પટેલના ૧૦૪, પિયુષ ભનપના ૭૪ અને રિતિક સિંઘના ૪૮ રનની ઈનિંગ સાથે ૩૦૦ રન ખડક્યાં હતા. ખેડા જિલ્લાની ટીમ વતી વંશ પટેલે ૩ વિકેટ ઝડપી હતી. જવાબી ઈનિંગમાં ખેડાની ટીમ પ્રથમ દાવમાં માત્ર ૨૫૧ રનમાં કરી શકી હતી પરંતુ સમય પુરો થઈ જતાં મેચ ડ્રો રહી હતી જેને ટુર્નામેન્ટના નિયમ અનુસાર પહેલી ઈનિંગના પરફોર્મન્સને આધારે ગાંધીનગરને વિજેતા જાહેર કરાઈ હતી.

ગાંધીનગર વતી રોહન મિસ્ત્રીએ ૩ વિકેટ અને દેવસિંહ રાઠોડે ૨ વિકેટ ઝડપવા સાથે બેટિંગમાં ઝળકનાર નિશિત પટેલ અને રિતિક સિંઘે પણ ૨- ૨ વિકેટ ઝડપી ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યુ હતું. મેચમાં ગાંધીનગર સ્પોર્ટ્સ ક્લબના મેન્ટર અને પૂર્વ ક્રિકેટર સલીલ યાદવ ઉપસ્થિત રહ્યાં હતાં.

# બોર્ડની પરીક્ષાનો ઓસરતો ઉત્સાહ

**મીઠાઈની દુકાનો અને આઈસક્રીમ પાર્લરો પર લાગતી ભીડ સાવ ઓછી થઈ ગઈ : વિદ્યાર્થીઓ અને વાલીઓમાં બોર્ડની પરીક્ષાનો ઉત્સાહ જ નથી**

ગાંધીનગર, તા. ૨૬

બોર્ડની પરીક્ષાનો ઉત્સાહ દિવસે દિવસે ઓસરતો જાય છે. ધો. ૧૦ના પરીણામ પછી પેંડા ખરીદવા અને આઈસક્રીમ ખરીદવા દુકાનોમાં જે પ્રકારે ભીડ જોવા મળતી હતી તેવી ભીડ હવે સાવ ઓછી થઈ ગઈ છે. પરીણામ ઓનલાઈન આવતા હવે સ્કૂલોમાં પણ ઉત્સાહનુ વાતાવરણ જોવા મળતી નથી. ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનુ પરીણામ જાહેર થાય એટલે ઉત્સાહનુ વાતાવરણ અગાઉ જોવા મળતુ હતુ. બોર્ડની પરીક્ષામાં પાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓના વાલીઓ અને સગા વહાલા મીઠાઈની દુકાનો અને આઈસક્રીમ પાર્લરો પર ભીડ જમાવતા હતા. આઈસક્રીમ પાર્લરોમાં પર લાંબી લાંબી કતારો જોવા મળતી. સગા-સંબંધીઓ અને પાડોશીઓના ઘરે પેંડા પહોંચાડવામાં આવતા. શાળાઓમાં પણ ઉલ્લાસભર્યુ વાતાવરણ જોવા મળતુ હતુ. સ્કૂલ ટોપર્સનુ સન્માન કરવામાં આવતુ હતુ. જો કે છેલ્લા કેટલાક વર્ષોથી જોવા મળ્યુ છે કે બોર્ડની પરીક્ષાનો ઉત્સાહ ધીમે ધીમે ઘટવા માંડ્યો છે.

પરીક્ષાનુ પરીણામ ઓનલાઈન આવવા લાગતા પરીણામ શાળામાં જઈને પરીણામ પ્રાપ્ત કરવાની ઉત્કંઠતા ઘટતી જાય છે. જાણે બોર્ડની પરીક્ષાનુ મહત્વ ઘટી ગયુ હોય તેમ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સાહની ઉણપ જોવા મળી રહી છે. શાળાઓમાં પણ ઉત્સાહનુ વાતાવરણ ક્યાય જોવા મળતુ નથી. શિક્ષકો નીરસ બન્યા છે. ઉત્સાહ ઓછો થતાં પેંડા અને મીઠાઈનુ વેચાણ વધતુ નથી. આઈસક્રીમ પાર્લરોમાં પણ રૂટીન ભીડ જ જોવા મળે છે. પોતાના દિકરા-દિકરીઓના નામ અખબારમાં ફોટા સાથે છપાવવાનો ઉત્સાહ પણ ઓછો થઈ ગયો છે. બોર્ડની પરીક્ષાનુ પરીણામ આવ્યુ હોય તેવુ ક્યાંય જોવા મળતી નથી.

# આજે શહેરમાં ઓછું અને પાણી ધીમા ફોર્સથી અપાશે

**નભોઇ કેનાલમાં પાણીની મેઈન પાઈપ લાઈનમાં વાલ્વનું રીપેરીંગ કામ પૂર્ણ થયે રાબેતા મુજબ પાણી અપાશે**

ગાંધીનગર, તા.૨૫

ઉનાળાની ગરમીમાં ગાંધીનગરમાં આવતીકાલે એક દિવસ માટે શહેરીજનોને પાણી માટે પરેશાનીનો સામનો કરવો પડશે. નભોઈ નર્મદા કેનાલ ખાતેથી આવતી પાણીની મેઈન પાઈપ લાઈનમાં વાલ્વનું રીપેરીંગ કામ ચાલુ હોવાથી શહેરમાં તા.૨૬મી મે, શુક્રવારે પાણી ધીમા ફોર્સથી નહિવત પ્રમાણમાં આપવામાં આવશે તેવું શહેરમાં ૧થી ૩૦ સેકટરમાં પાણી વિતરણની જવાબદારી સંભાળતા પાટનગર યોજના વિભાગના વિભાગ નં.૩ના કાર્યપાલક ઈજનેર દ્વારા જાહેર કરાયું છે.

પાટનગર યોજના વિભાગ દ્વારા જાહેર કરાયેલ અખબારી યાદીમાં જણાવ્યું છે કે "ગાંધીનગર મહાનગરના સેકટર નં.૧ થી સેકટર નં.૩૦ના રહેણાંક વિસ્તારમાં પાણી પુરવઠાના વિતરણની કામગીરી પાટનગર યોજના વિભાગ નં.૩, ગાંધીનગર હસ્તકની પેટા વિભાગીય કચેરીઓ દ્વારા કરવામાં આવે છે. તા.૨૫/૦૫/૨૦૨૩ ના રોજ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર દ્વારા નભોઈ નર્મદા કેનાલ ખાતેથી આવતી પાણીની મેઈન પાઈપ લાઈનમાં વાલ્વનું રીપેરીંગ કામ ચાલુ હોવાથી, તા.૨૬ ૦૫/૨૦૨૩ના રોજ ગાંધીનગર મહાનગરના સેકટર નં.૧ થી સેકટર નં.૩૦માં પાણી પુરવઠો હળવા દબાણથી અથવા નહિવત પ્રમાણમાં વિતરણ કરી શકાશે. મેઈન પાઈપ લાઈનના વાલ્વનું રીપેરીંગ કામ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પૂર્ણ થયેથી રાબેતા મુજબ પાણી પુરવઠાનું વિતરણ કરવામાં આવશે". એક તરફ ઉનાળાની કાળઝાળ ગરમીમાં અનેક સેક્ટરોમાં આમ પણ પાણીના ધીમા ફોર્સની ફરિયાદો ઉઠી રહી છે તેવામાં હવે પાણીની મેઈન પાઈપ લાઈનમાં વાલ્વનું રીપેરીંગ કામ ચાલુ હોવાથી તમામ સેક્ટરોમાં પાણી ધીમા ફોર્સથી નહિવત જથ્થામાં અપાશે. જોકે આ સમસ્યા એક દિવસ પુરતી જ હોવાનું જણાવાયું છે.

# સે.૧૧માં ટોરન્ટ પાવરની કચેરીનો દરવાજો શોધવામાં ગોથે ચઢતાં નાગરિકો

**સરળતાથી દેખાય તેવું કોઇ દિશાસૂચક બોર્ડ લગાડાયું ના હોવાથી પરેશાની : સત્વરે ચ-૩ સર્કલે અને સે.૧૧માં બોર્ડ લગાડવા માંગ**

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં વીજ સપ્લાયનું કાર્ય કરતી વીજ કંપની ટોરન્ટ પાવરની સેક્ટર-૧૧ ખાતે નવનિર્મિત કચેરી કાર્યરત કરાઇ છે પરંતુ અ?ા કચેરીમાં જવા માટે નાગરિકો ગોથે ચઢી રહ્યાં છે. કચેરીમાં જવાનો મુખ્ય દરવાજો કઇ તરફ છે તે બાબતે સરળતાથી દેખાય તેવું કોઈ મોટું માર્ગ સૂચક બોર્ડ લગાડાયું ના હોવાથી આ સ્થિતિથી પોતાના કામકાજ માટે આવતાં ગ્રાહકો ગુંચવણમાં મુકાઈને દરવાજો શોધવાની લ્હાયમાં સંકુલની પ્રદક્ષિણા કરતા રહે છે.

ટોરન્ટ પાવરની સેક્ટર-૧૧માં લાયન્સ ગરબા ગ્રાઉન્ડ ખાતે નવી બનેલી કચેરી કાર્ય્ર તો કરી દેવાઈ છે પરંતુ આ કચેરીમાં ક્યાંથી પ્રવેશવું તે માટે ગ્રાહકો અટવાઈ રહ્યાં છે કારણકે કચેરીનું મુખ્ય પ્રવેશદ્વાર ઝટ દેખાય એવું નથી. વળી, ચ-માર્ગ પર ચ-૩ કે સેક્ટર-૧૧ના આંતરિક માર્ગ પર પણ ક્યાંય આ અંગે કોઈ દિશાસૂચક બોર્ડ જોવા મળતું નથી. આ કારણે સેક્ટરમાં સ્ટ્રીટ લાઈટો બંધ હોય કે લાઈટ ડુલ થવાની સમસ્યા સહિતના અગત્યના કામો માટે આવતાં નાગરિકોને તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ સહિત સભ્યો કિશોર જિકાદરા અને સુધિર દેસાઈ વગેરે દ્વારા પણ આ બાબતે નાગરિકોને પડી મુશ્કેલી અંગે સત્વરે ટોરન્ટ પાવર દ્વારા ચ-૩ સર્કલ પાસે અને સેક્ટર-૧૧માં કચેરીમાં જવાનો રસ્તો સરળતાથી સમજાય તે રીતે બોર્ડ મુકવા માંગ કરવામાં આવી છે.

# ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ રાયફલ એસોસિએશન આયોજિત ઓપન શૂટીંગ સ્પર્ધા સંપન્ન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ રાયફલ એસોસિએશન આયોજિત ૩૨મી ઓપન સ્પર્ધાનું તા. ૧૯-૫-૨૦૨૩ થી ૨૫-૫-૨૦૨૩ દરમિયાન કર્મવીર શૂટિંગ એન્ડ સ્પોર્ટસ એકેડેમી પી.ડી.પી.યુ. રોડ ગાંધીનગરના યજમાન પદે યોજાઈ તેમાં જુદા જુદા જિલ્લાઓમાંથી ૧૮૧ જેટલા સુટરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ડિસ્ટ્રિક્ટ એસોસિએશન વડે પ્રથમવાર પેરા (દિવ્યાંગ) અને ડેફ કેટેગરીમાં પાંચ સ્પર્ધકોએ ભાગ લઈ ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા. તેમજ અન્ય યુવાનો, યુવતીઓ માટે ઉદાહરણ પુરૂ પાડ્યુ હતું.

આ સ્પર્ધામાં વિવિધ ૫૫ કેટેગરીમાં યોજાઈ હતી. જેમાં ઉદ્ઘાટન સમારોહમાં એસોસિએશનના પ્રમુખ મહેશભાઈ સોલંકી, સેક્રેટરી ગજેન્દ્રસિંહ બારડ, હિતેન્દ્રસિંહ રાઠોડ, જોઈન્ટ સેક્રેટરી હિરલબેન સોલંકી, જીલ પટેલ, અમિતસિંહ, હિરેનસિંહ વગેરે એસોસિએશનના સભ્યો સુટરોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાના આયોજનમાં ચેતનાબેન તેમજ અન્ય ૭ સુટર જેમાં હેમાંગી પરમાર, હેમાંગી મકવાણા, આરતી રાઠોડ, આરતી ઠાકોર, આરતી ડાભી, હેતલ, ખુશી રાવલ કાજલ, તન્વીબાએ પ્રારંભથી લઈ અંત સુધી વ્યવસ્થા સંભાળી હતી.

# સામાન્ય પરિવારના બાળકોએ પણ પોતાનું કૌવત ઝળકાવ્યું..!!

**સે.૧૨ની સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર શાળાના જરુરિયાતમંદ વર્ગના બાળકોનું નોંધપાત્ર પ્રદર્શન**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં આજે ધોરણ-૧૦નું બોર્ડનું પરિણામ આવ્યું છે જેમાં શહેરના કેટલાંક આર્થિક રીતે નબળાં વર્ગના બાળકોએ પણ કોઈ મોટા ટ્યુશન કે કોચિંગ ક્લાસ કર્યા વગર પણ સારું પરિણામ મેળવીને શાળાને ગૌરવ અપાવવા સાથે પોતાના મા-બાપ અને પરિવારને પણ ગદગદિત કર્યા છે.

શહેરના સેક્ટર-૧૨માં આ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ(કડી) સંચાલિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર શાળાના છેલ્લા પાંચ વર્ષના એસ.એસ.સી.બોર્ડના શાળાના પરિણામો પૈકી માર્ચ-૨૦૨૩માં લેવાયેલ એસ.એસ.સી.બોર્ડમા શાળાએ સૌથી વધારે પરિણામ મેળવ્યું છે જેમાં પ્રથમ સ્થાને ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થી કૃણાલ યાદવના પિતા પેટ્રોલ પંપ પર એટેન્ડન્ટ તરીકે કાર્ય કરે છે તો દ્વિતિય સ્થાન મેળવનાર સાહિલ પુરબિયાના પિતા પટાવાળાની નોકરી કરે છે અને તૃતીય સંથાને જે દિકરી પાસ થઈ છે તેના પિતા ભાડાની રીક્ષા ચલાવે છે. આ વિદ્યાર્થીઓએ શિક્ષકોના માર્ગદર્શન સાથે પોતાના સંકલ્પ, આત્મવિશ્વાસ અને મહેનતના જોરે આ પરિણામ મેળવીને પ્રેરક ઉદાહરણ પુરુ પાડ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૬૮.૨૫ ટકા છે અને સે.૧૨ની સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર શાળાનું પરિણામ ૫૪.૨૮ ટકા આવ્યું છે.

### કૃણાલ યાદવના પિતાની પેટ્રોલપંપ પર નોકરી



શાળામાં ૯૭.૨૨ પર્સન્ટાઈલ રેક્ર સાથે એ-૨ ગ્રેડ મેળવનાર કૃણાલ યાદવના પિતા સૂરજ યાદવ ઘ-૨ પાસે પેટ્રોલ પંપ પર કામ કરે છે. મૂળ યુપીના મેરઠ નજીકના રઘુનાથબેસમાં મછરીયા ગામના વતની કૃણાલને ક્રિકેટનો પણ ભારે શોખ છે. તેની કોઈ ટ્યુશન કરવાની આર્થિક સ્થિતિ નહોતી. તે માને છે કે "શાળા તરફથી ખુબ સારું વાતાવરણ તેમજ ઉત્તમ શૈક્ષણિકકાર્ય, આચાર્ય અને ગુરુજનો તરફથી યોગ્ય માર્ગદર્શન અને આયોજન દ્વારા હું બોર્ડની પરીક્ષામાં ઉત્તમ પરિણામ તેમજ શાળામાં પ્રથમ નંબર મેળવી શક્યો છું તે બદલ શાળા પરીવારનો આભારી છું."

### સાહિલ પુરબિયાના પિતા ઉદ્યોગભવનમાં પટાવાળા છે



શાળામાં ૯૪.૯૩ પર્સન્ટાઈલ રેક્ર અને એ-૨ ગ્રેડ સાથે દ્વિતિય સ્થાન મેળવનાર સાહિલ પુરબિયાના પિતા અજિતભાઈ ઉદ્યોગભવન ખાતે જીઈસીમાં પટાવાળા તરીકે કરાર આધારિત નોકરી કરે છે. સાહિલને પણ ક્રિકેટનો શોખ છે. તે સાતથી આઠ કલાક મહેનત કરતો હતો. સાહિલને કોમર્સ ભણીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થવું છે. તે માને છે કે "મને શાળાનું સુંદર ભૌતિક વાતાવરણ, પ્રેમાળ આચાર્ય અને ગુરુજનો તરફથી પોતાના બાળકની જેમ માર્ગદર્શન અને આયોજન દ્વારા હું બોર્ડની પરીક્ષામાં ઉત્તમ પરિણામ તેમજ શાળામાં દ્રિતીય નંબર મેળવી શક્યો તે બદલ શાળા પરીવારનો આભારી છુ".

### વાવોલના રીક્ષાચાલકની દિકરી ખુશી પંચાલે તૃતીય સ્થાન મેળવ્યું



શાળામાં ૯૪.૮૦ પર્સન્ટાઈલ રેક્ર અને એ-૨ ગ્રેડ સાથે દ્વિતિય સ્થાન મેળવનાર વાવોલની ખુશી પંચાલના પિતા રાજુભાઈ ભાડા રીક્ષા ચલાવે છે. ખુશી સે.૨૪માં ટ્યુશન કરવા જતી હતી પરંતુ તે સાથે તે જાતે ચારથી પાંચ કલાક જાતે મહેનત પણ કરતી હતી. ગણિત તેને બહુ ગમે છે. ખુશીને નવરાત્રી અને દિવાળી ખુબ પસંદ છે. તે માને છે કે "મારી શાળા તરફથી ખુબ સારું માર્ગદર્શન આપનાર પ્રેમાળ આચાર્ય અને ગુરુજનો દ્વારા પરીક્ષાની ઉત્તમ તૈયારીઓના આયોજનના લીધે હું બોર્ડની પરીક્ષામાં ખુબ સારું પરિણામ તેમજ શાળામાં તૃતીય નંબર મેળવી શકી તે બદલ શાળા પરીવારનો ખુબ ખુબ આભાર માનું છું."



ભર ઉનાળામાં સવારના સમયે શહેરમાં હજુ આહલાદક વાતાવરણ હોય છે. સ્વાસ્થ્યની સતત કાળજી રાખતા વસાહતીઓ વહેલી સવારે જ વોકીંગ અને જોગીંગ માટે શહેરના બગીચાઓમાં પહોંચી જાય છે. સેક્ટર-૬ના બગીચામાં વિવિધ પ્રકારની કસરત કરી શરીરને ચુસ્ત દુરસ્ત રાખવા ઈચ્છતા વસાહતીઓની સંખ્યા ખુબ મોટી છે.

# શહેરમાં વૃક્ષારોપણના કાર્યક્રમને વધુ બળ પુરૂ પાડવાની માંગ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના ૨૫૪ સ્કે. કિલોમીટરના વિસ્તારમાં આવેલ સોસાયટી, સેક્ટર અને સરકારી જમીનના કોમન પ્લોટમાં મહાનગરપાલિકા દ્વારા ફેન્સીંગનું કામ ચાલી રહ્યુ છે. તો આ ફેન્સીંગવાળા કોમન પ્લોટમાં અત્યારથી જ વૃક્ષો વાવવા માટે ખાડાઓ કરવા, વિવિધ પ્રકારના વૃક્ષોની ખરીદી કરવી, પાણી પીવડાવવા માટે ટેન્કરની વ્યવસ્થાઓ જોવી, ગાંધીનગરની તમામ પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, વિવિધ મંડળોને પી.પી.પી. ધોરણે કામ આપી જવાબદારી સોંપવી તથા વૃક્ષો વાવવા અને તેની જાળવણીના ભાગરૂપે કામદારોનો ફોર્સ વધારવો તથા પાવડો, કોદાણી, પાણીની ડોલ, જાળો વગેરે જેવા ઓજારો વસાવવા, ટ્રેક્ટર, ટ્રોલી, ખાપો, પ્લાઉ વગેરે ખૂટતા વાહનોની, ઓજારોની વ્યવસ્થા કરવી વગેરે બાબતોને સુચારૂ વ્યવસ્થાના ભાગરૂપે અત્યારથી જ તૈયારી આરંભવી એવુ મારૂ સૂચન છે જેથી સાંસદ અમીતભાઈ શાહનુ ગ્રીન ગાંધીનગરના મિશનને સફળતાપૂર્વક પુરૂ કરી શકીએ તેમ ગાંધીનગર મનપાના પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ દાસે જણાવ્યુ છે.



આજે વાતાવરણ પલટાયું હતું. જેમાં ગરમીની સાથે પવન પણ ફુંકાયો હતો.

# ગોઝારીયા કેળવણી મંડળમાં આત્મન અભિવ્યક્તિ બાળ શિબિર સંપન્ન થઈ



ગાંધીનગર,તા.૨૫

શ્રી ગોઝારિયા કેળવણી મંડળ અને આત્મન ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે બાળકોની ત્રિદિવસીય બાળશિબિર ગોઝારિયામાં યોજવામાં આવી હતી. આત્મન અભિવ્યક્તિ બાળશિબિર એટલે જ્ઞાન સાથે ગમ્મતની વિવિધ પ્રવૃત્તિઓનો ખજાનો. આ શિબિર તારીખ ૨૨,૨૩,૨૪- મે , ૨૦૨૩ ના રોજ ગોઝારીયાની નીમા ગર્લ્સ આર્ટસ કોલેજના કેમ્પસમાં યોજાઈ હતી. ગોઝારીયામાં આ પ્રકારની શિબિર પ્રથમ વાર યોજાઈ હતી. શિબિરમાં ભાગ લઈ રહેલ બાળકો દ્વારા પ્રથમ દિવસે દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. શિબિર દરમ્યાન વિવિધ વિષયના તજજ્ઞો એ બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ કરાવી હતી. બાળકોએ આર્ટ - ક્રાફ્ટ, વેસ્ટમાંથી બેસ્ટ, વિજ્ઞાનના પ્રયોગો, જાતે બનાવેલ વિવિધ ઈલેક્ટ્રોનિક વસ્તુઓ, ડાન્સ, રમત ગમત, નાટક - અભિનય, પ્રકૃતિ અને વિજ્ઞાન જેવા વિષયો અંગે જાણકારી મેળવી હતી. તજજ્ઞ તરીકે ભરતકુમાર પંચાલ ( મહેસાણા સાયન્સ સેન્ટર), જીજ્ઞેશભાઈ પટેલ ( રંગોલી સ્કૂલ ગ્રુપ, ગાંધીનગર) , પ્રજ્ઞાબેન ગજ્જર ( ગાંધીનગર), ખ્યાતિબેન દેસાઈ( ગાંધીનગર), કુંતલભાઈ નિમાવત ( ગાંધીનગર), મયુરભાઈ રાઠોડ અને કુમારભાઈ ( અમદાવાદ) એ સુંદર સેવા આપી હતી. શિબિર સમાપન પ્રસંગે શ્રી ગોઝારિયા કેળવણી મંડળના કારોબારી સમિતિના કન્વીનર જે .એન. પટેલ, ટ્રસ્ટી શૈલેષભાઈ સોમાભાઈ પટેલ, વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ તથા નિયામક નીરુભાઈ પટેલ, કોલેજ આચાર્ય પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલા, ગર્લ્સ સ્કૂલ આચાર્ય મુકેશભાઈ લિંબાચિયા, અન્ય સંસ્થાઓના શિક્ષક ભાઈ- બહેનો, આત્મન ફાઉન્ડેશન ગાંધીનગરના પ્રજ્ઞાબેન પટેલ, મહેશ્વરીભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગરમી વધતાં ORSની માંગમાં વધારો

**ગરમી વધતા લોકો ORS અને ગ્લુકોઝની ખરીદી તરફ વળ્યાં છે**




ગાંધીનગર,તા.૨૫

આકાશમાંથી વરસી રહેલા અગનગોળાને કારણે સૌ કોઈ પરેશાન છે. મનુષ્યની સાથે પશુ-પંખી પણ ગરમીમાં શેકાઈ રહ્યા છે. ત્યારે ઉનાળામાં કાળઝાળ ગરમી પડતી હોવાથી ઓઆરએસ અને ગ્લુકોઝની ખરીદી વધી છે.

ગયા મહિના કરતાં લોકો આ મહિને ત્રણ ગણી વધારે ખરીદી રહ્યા છે. ઓઆરએસ અને ગ્લુકોઝ શરીરમાં પાણીની અછતની પૂરતી કરતું હોવાથી શહેરના લોકો ઓઆરએસ અને ગ્લુકોઝવાળું પાણી પીએ છે.

ચાલુ વર્ષે અગનગોળા વરસાવતી ગરમી રેકોર્ડ તોડી રહી છે જેના કારણે શહેરજનો ORSનું સેવન શરૂ કરી દીધું છે.ગરમી વધતા લોકો ORS અને ગ્લુકોઝની ખરીદી તરફ વળ્યાં છે.કાળઝાળ ગરમીના લીધે રોગચાળાના કેસમાં પણ વધારો થયો છે. અસહ્ય ગરમી પડતા ઝાડા, ઉલટી, કમળો, ટાઈફોઈડ સહિતના રોગના કેસમાં વધારો થયો છે. ગરમીનો પારો જેમ જેમ વધી રહ્યો છે તેમ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે.

ગરમીનો પારો ઊંચે જતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અને હજુ પણ હવામાન વિભાગે આકરી ગરમીની આગાહી કરી છે. તેથી મેડિકલ ની દુકાન માંથી ors ની માંગ માં વધારો થયો છે.

ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન જેમાં મિનરલ્સ, ઈલેક્ટ્રોલાઈટ, ગ્લુકોઝ હોય છે. જેને ગરમી ચડી જાય ત્યારે તેને શરીરમાં ડી હાઈડ્રેશન થાય છે. એટલે કે પરસેવો થવાથી સોડિયમ પોટેશિયમ ક્લોરાઈડ મિનરલ્સ વગરે નીકળી જાય છે. તે ઉણપ પૂરી કરવા દર્દીઓ ORS આપવામાં આવે છે.